### અંધારાનો લાભ લઈ યુવતીની છેડતી કરી બાઈક સવાર ભાગી ગયો

# ઈલોરાપાર્કમાં છેડતી કરનાર 'રોમિયો'ને યુવતીની સામે ઊઠક-બેઠક, કાન પકડાવી માફી મંગાવી

**સીસીટીવી** ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી દિવાળીપુરાના શખ્સને દબોચી ગોરવા પોલીસે દબોચી લીધો



(પ્રતિનિધિ) વડોદરા. તા.15

શહેરમાં મહિલાઓની સુરક્ષા સામે સવાલ ઉભો કરનાર છેડતીખોરો સામે વડોદરા પોલીસે લાલ આંખ કરી છે. ઈલોરાપાર્ક વિસ્તારમાં રાત્રિના સમયે એકલતાનો લાભ લઈ મહિલાની છેડતી કરી ફરાર થઈ જનાર બાઈક સવાર શખ્સને ગોરવા પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે. ગત તારીખ 14 માર્ચના રોજ રાત્રે આશરે 11:10 વાગ્યાની આસપાસ ઈલોરાપાર્ક એમ.આઈ.જી. ફ્લેટ વાળી ગલીમાંથી એક મહિલા પસાર થઈ રહી હતી. આ સમયે એક અજાણ્યો બાઈક ચાલક ધસી આવ્યો હતો અને મહિલાની છેડતી કરી અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. આ ઘટના અંગે ભોગ બનનાર મહિલાએ હિંમત દાખવી ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023ની કલમ 75(2) મુજબ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ગોરવા પી.આઈ. કે.એન. લાઠીયાએ અલગ-અલગ ટીમો બનાવી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના સીસીટીવી (CCTV) કેમેરા તપાસ્યા. હ્યુમન ઈન્ટેલિજન્સ અને બાતમીદારોને સક્રિય કર્યા. બાઈક નંબર અને શારીરિક બાંધાના આધારે આરોપીનું પગેરું દબાવ્યું. પોલીસની ટેકનિકલ અને ફિલ્ડ સર્વેલન્સની મહેનત રંગ લાવી હતી. છેડતી કરનાર શખ્સ અમિત નટુભાઈ પઢિયાર (ઉ.વ. 38, રહે. શંકરપાર્ક સોસાયટી, દિવાળીપુરા) હોવાનું ખુલતા પોલીસે તેને દબોચી લીધો હતો. પકડાયેલ આરોપી ખાનગી નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું છે. આ કામગીરીમાં ગોરવા પી.આઈ. કે.એન. લાઠીયા સાથે પીએસઆઈ એમ.આર. ગાંગાણી, એમ.કે. વાળા તથા એએસઆઈ મિનેષકુમાર અને હેડ કોન્સ્ટેબલ જયદિપભાઈ, ડાહ્યાભાઈ સહિતના સ્ટાફે રાત-દિવસ જોયા વગર ગુનેગારને પકડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વડોદરા પોલીસની આ ત્વરિત કામગીરીથી મહિલાઓમાં સુરક્ષાની ભાવના પ્રબળ બની છે અને આવા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.


## વર્ષોના વહાણા વીતી ગયા પરંતુ આવાસની મંજૂરી ન મળી

(પ્રતિનિધિ) દાહોદ, તા 15

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકોના વણઝારીયા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ માટેની રકમ મળી હોવા છતાં મજૂરીની રકમ ન મળ્યાનો મામલો સામે આવ્યો છે. લાભાર્થીઓના જણાવ્યા મુજબ તેમને આવાસ માટે રૂ. 1,20,000ની સહાય મળી હતી, પરંતુ મનરેગા યોજના હેઠળ મળવાની રૂ. 19,890 જેટલી મજૂરી હજુ સુધી આપવામાં આવી નથી.

લાભાર્થીઓ કહે છે કે તેઓને મજૂરી મળવી પાત્ર હોવા છતાં તે રકમ ન મળતા શંકા ઊભી થઈ છે કે મજૂરી કોઈએ ઉપાડી લીધી છે કે પછી સરકાર તરફથી આપવામાં જ આવી નથી. આ અંગે લાભાર્થીઓ પણ અજાણ હોવાનું જણાય છે. લાભાર્થી ફતેસિંહભાઈએ જણાવ્યું કે આવાસના હપ્તા મુજબ અમે બાંધકામ પૂર્ણ કર્યું, પરંતુ બાંધકામની મજૂરી મળેલી નથી. જ્યારે સુમિત્રાબેન વિનોદભાઈએ જણાવ્યું કે મજૂરી અપાવવાની ખાતરી આપવામાં આવી હતી, છતાં આજદિન સુધી કોઈ રકમ મળી નથી.

# પીઆઈ સાહેબ પર કામનો પહાડ કે પછી 'વાહવાહી'નો પ્રોજેક્ટ..?




વડોદરા શહેર પોલીસ વિભાગમાં હાલ એક રસપ્રદ અને થોડુંક વ્યંગ્યજનક દ્રશ્ય જોવા મળી રહ્યું છે. શહેરના એક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે પીઆઈમાંથી એક પોલીસ ઈન્સ્પેક્ટરની તાજેતરમાં બીજી જગ્યાએ બદલી થતા બાકી રહેલા પીઆઈ સાહેબ પર અચાનક કામનો 'પહાડ' તૂટી પડ્યો હોવાની વાતો પોલીસ વર્તુળોમાં ગુંજી રહી છે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

અગાઉ બે પીઆઈ મળીને પોલીસ સ્ટેશનનું કામકાજ સંભાળતા હતા. પરંતુ એકની બદલી થતાં હવે મોટાભાગની જવાબદારી એક જ પીઆઈના ખભા પર આવી પડી છે. પરિણામે, સાહેબ એટલા વ્યસ્ત થઈ ગયા છે કે જાણે દિવસના 24 કલાક પણ ઓછા પડી રહ્યા હોય એવી ચર્ચાઓ ચાલી રહી છે. કેસોની તપાસ, સ્ટાફનું સંચાલન, કાયદો અને વ્યવસ્થા જાળવવાની દોડધામ વચ્ચે સાહેબને શ્વાસ લેવા જેટલો સમય પણ મળતો નથી એવી 'કહાણીઓ' પોલીસ સૂત્રો દ્વારા ગોઠવાઈ રહી છે.

અંદરના વર્તુળોમાં તો વાતો એ સુધી પહોંચી ગઈ છે કે આ પીઆઈ સાહેબ પોતાના નજીકના લોકો પાસે કામના ભારણ અંગે વારંવાર ફરિયાદો કરતા જોવા મળે છે. "કામ એટલું વધી ગયું છે કે પોતાને સમય જ રહેતો નથી," એવું કહી સાહેબ પોતાની વ્યસ્તતાનો ગ્રાફ સતત ઊંચો બતાવી રહ્યા છે.

પરંતુ હવે પોલીસ વિભાગમાં જ કેટલાક લોકો વચ્ચે કટાક્ષભરી ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે. કેટલાક કહે છે કે શું ખરેખર કામનો ભાર એટલો વધી ગયો છે કે પીઆઈ સાહેબ થાકી ગયા છે? કે પછી "સમય નથી મળતો"ની વાતો કરીને પોતાની મહેનતની 'ઈનડાયરેક્ટ બ્રાન્ડિંગ' કરીને વાહવાહી લૂંટવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે?

એક અધિકારીની બદલી પછી ઉભી થયેલી આ પરિસ્થિતિ હવે પોલીસ વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. કામનો ભાર સાચે જ વધી ગયો છે કે પછી વ્યસ્તતાની વાર્તા થોડુંક વધારીને રજૂ કરવામાં આવી રહી છે તે સમય જ બતાવશે. પરંતુ હાલ તો સાહેબની "સમય નથી મળતો" વાળી લાઈન પોલીસ સ્ટેશનમાં સૌથી લોકપ્રિય ડાયલોગ બની ગઈ છે.

### ગેસ માટે જનતા લાઇનમાં, તંત્ર 'માહિતી' શોધવામાં વ્યસ્ત..!




વડોદરામાં છેલ્લા ત્રણથી ચાર દિવસથી એલપીજી ગેસ સિલિન્ડર મેળવવા માટે સામાન્ય લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. શહેરની વિવિધ ગેસ એજન્સીઓ પર સવારથી જ લાંબી લાઈનો લાગી ગઈ હતી અને લોકો કલાકો સુધી ઉભા રહી સિલિન્ડર મેળવવાની રાહ જોતા જોવા મળ્યા હતા. આ અફરાતફરી વચ્ચે એક મહિલા તો ગેસ માટે લાઈનમાં ઉભી રહેતાં બેભાન થઈ જવાની ઘટના પણ બની, જેનાથી સ્થિતિ કેટલી ગંભીર હતી તેની ઝાંખી મળે છે.

આ સમગ્ર અંધાધૂંધી વચ્ચે કલેક્ટર જિલ્લા વહીવટી તંત્રની તૈયારીઓ અને સંકલન ક્ષમતા પર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરમાં ગેસ સિલિન્ડરની અછત અંગે લોકો પરેશાન થઈ રહ્યા હતા ત્યારે કલેક્ટર કચેરી પાસે કોઈ સ્પષ્ટ માહિતી જ ઉપલબ્ધ નહોતી. કઈ એજન્સી પાસે કેટલા સિલિન્ડર ઉપલબ્ધ છે તે કોઈને ખબર જ નહોતી. એક જ રટણ થતું રહ્યું કે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. લોકો સિલિન્ડર માંગતા રહ્યા, પરંતુ "માહિતી મેળવી રહ્યા છીએ" સિવાય કોઈ સ્પષ્ટ જવાબ મળતો નહોતો.

આખરે પરિસ્થિતિ વધુ ગંભીર બનતા જિલ્લા પુરવઠા અધિકારીને આગળ ધરી દેવામાં આવ્યા. રસપ્રદ વાત એ છે કે આ પુરવઠા અધિકારી ઓફિસમાં ભાગ્યે જ જોવા મળતા હોવાની ચર્ચાઓ અગાઉથી ચાલી રહી હતી, પરંતુ આ વખતે એમને જ 'ફ્રન્ટ ફૂટ' પર લાવી સમગ્ર મુદ્દે જવાબદારી સોંપી દેવામાં આવી.

કલેક્ટર તંત્રની આ ગોટાળાભરી કામગીરી હવે શહેરમાં ચર્ચાનો વિષય બની છે. લોકોમાં એવો પણ સવાલ ઉઠી રહ્યો છે કે જ્યારે ત્રણથી ચાર દિવસ સુધી શહેરમાં ગેસ માટે હાહાકાર મચ્યો ત્યારે તંત્રને સાચી માહિતી મેળવવામાં એટલો સમય કેમ લાગ્યો?

આ સમગ્ર ઘટનાક્રમ બાદ કલેક્ટરની ક્રાઈસિસ હેન્ડલ કરવાની ક્ષમતાને લઈને પણ વહીવટી વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ બાબતની નોંધ પ્રદેશ સ્તરે પણ લેવાઈ હોવાનું કહેવાઈ રહ્યું છે. હવે આવનારા દિવસોમાં આ ઘટનાને ધ્યાનમાં રાખીને કેટલાક અધિકારીઓને 'ઓછી મહત્વની' જગ્યાએ ખસેડવામાં આવશે એવી પણ ચર્ચા સરકારી તંત્રમાં જોર પકડી રહી છે.

હાલ તો વડોદરાના લોકો ગેસ સિલિન્ડર માટે લાઈનમાં ઉભા રહી એક જ વાત કરી રહ્યા છે–

"ગેસ મળવો મુશ્કેલ હતો કે માહિતી એ સમજવું વધુ મુશ્કેલ બન્યું!"

### કુપોષણના મુદ્દે ચર્ચામાં મેવાણીએ મંત્રીને હંફાવી દીધા!



ગાંધીનગરમાં ચાલી રહેલી ગુજરાત વિધાનસભાની કાર્યવાહી દરમિયાન કુપોષણ મુદ્દે થયેલી ચર્ચા દરમિયાન એક રસપ્રદ દ્રશ્ય જોવા મળ્યું. કુપોષણના ગંભીર મુદ્દે પૂછાયેલા પ્રશ્નોને લઈને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને મહિલા-બાળ કલ્યાણ વિભાગના મંત્રી મનીષા વકીલ વચ્ચે શબ્દોનો તીખો સંવાદ સર્જાયો, પરંતુ ચર્ચાના અંતે ઘણા સભ્યોમાં એવી ચર્ચા સાંભળવા મળી કે મંત્રીશ્રી જવાબ કરતાં વધુ બચાવમાં જોવા મળ્યા. વિધાનસભામાં કુપોષણ અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નો દરમિયાન મેવાણીએ સરકારની કામગીરી અંગે કડક સવાલો ઉઠાવ્યા. કહેવાય છે કે પ્રશ્નોની સીધી લાઈન આવતાં મંત્રીશ્રી અસ્વસ્થ દેખાયા અને જવાબ આપતા આપતા ચર્ચા થોડા સમય માટે ગરમાઈ ગઈ.

ચર્ચા દરમિયાન તો એવું પણ કહેવાયું કે મેવાણીએ પૂછેલા કેટલાક મુદ્દાઓ પર સ્પષ્ટ જવાબ આપવા કરતાં વાતને બીજી દિશામાં વાળવાનો પ્રયત્ન વધુ થયો. પરિણામે વિધાનસભાના કોરિડોરમાં ચર્ચા શરૂ થઈ ગઈ કે આ મુકાબલામાં પ્રશ્નો વધુ ભારે પડ્યા કે જવાબો નબળા રહ્યા. ત્યારબાદ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા થતી રહી કે કુપોષણ જેવા ગંભીર મુદ્દે સરકારના જવાબો કરતાં પ્રશ્નો વધુ તીખા સાબિત થયા.

કોરિડોરમાં તો એવું પણ કહેવામાં આવ્યું કે "પ્રશ્ન પૂછવા પૂરી તૈયારી સાથે આવ્યા હતા મેવાણી, પરંતુ જવાબ આપતા આપતા મંત્રીશ્રીની તૈયારી અને વિષયનો અભ્યાસ અપૂરતા સાબિત થયા."

આ ઘટનાએ ફરી એક વખત બતાવી દીધું કે વિધાનસભામાં ક્યારેક પ્રશ્નો એટલા ધારદાર હોય છે કે જવાબો આપતા આપતા મંત્રીઓને પણ થોડું 'ડિફેન્સ મોડ'માં જવું પડે છે.

# ગુજરાત બાર કાઉન્સિલમાં અનામત બેઠક પર નિમિષા ધોત્રેની જીત નિશ્ચિત

**સંપૂર્ણ** પ્રેફરન્સ વોટની ગણતરી બાદ પરિણામ થોડા દિવસમાં સ્પષ્ટ થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં પ્રથમ પ્રેફરન્સનું વોટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. બીસીજીની ચૂંટણીમાં વકીલોએ આપેલા 46,286 મતો માન્ય ઠર્યા છે. વોટ શેર આધારે પ્રથમ પ્રેફરન્સમાં માન્ય થયેલા બે ઉમેદવારોનું સભ્યપદ નક્કી થયું છે. જેમાં આફતાબ હુસૈન અંસારી અને જે.જે.પટેલે ક્વોટા પાર કરી વિજય મેળવ્યો છે. જ્યારે વડોદરમાંથી નિમિષા ધોત્રેને પ્રથમ પ્રેફરન્સમાં 590 મત મળતા તેમની જીત નિશ્ચિત મનાય છે.

ગત 6 માર્ચે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી યોજાઈ હતી. બીસીજીના સભ્ય માટે 1929 નો ક્વોટા મેળવવો જરૂરી હતો. જેમાં આફતાબ હુસૈન અન્સારી 2,398 વોટ ક્વોટા સાથે પ્રથમ સભ્ય બન્યા બન્યા છે. જ્યારે, જે.જે.પટેલને 1949 વોટ ક્વોટા સાથે બીજા નંબરે કાઉન્સિલના સભ્ય બન્યા છે. સંપૂર્ણ પ્રેફરન્સ વોટની ગણતરી બાદ પરીણામ ચારેક દિવસમાં સ્પષ્ટ થશે. વડોદરમાંથી પ્રથમ પ્રાધાન્ય મત મુજબ સ્વઃનલિન પટેલ 745, જગત દેસાઈ 618, નિમિષા ધોત્રે 590, રણજિત રાઠોડ 576, રાશિદ વ્હોરા 309, યુનુસ પઠાણ 305, સનત પરમાર 137, અનિશા સૈયદ 87, શીતલ ઉપાધ્યાય 85 અને વિક્રમસિંહ પઢીયારને 38 મત મળ્યા છે. અંતિમ પરિણામ હજી બાકી છે. સંપૂર્ણ પ્રેફરન્સ મતની ગણતરી બાદ જ કુલ 23 ઉમેદવારો બીસીજીના સભ્યો નક્કી થશે. તમામ સભ્યો થકી પોતાના ચેરમેન અને કમિટીના હોદ્દેદારોની નિમણૂક કરાશે. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીમાં 99 એડવોકેટ ઉમેદવાર તરીકે ઊભા હતા. જ્યારે રાજ્યમાંથી 76 હજારથી વધુ મતદાતા હતા. 06 માર્ચે યોજાયેલ આ ચૂંટણીમાં રાજ્યના 150 સેન્ટર ઉપર મતદાન યોજાયું હતું.

### માર્ચ એન્ડિંગ પૂર્વે VMC એક્શન મોડમાં

# બાકી વેરો વસૂલવા દર શનિ-રવિવારે રજાના દિવસે પણ વોર્ડ ઓફિસો ધમધમશે

**વ્યાજ** માફી યોજનાનો લાભ લેવા 31 માર્ચ અંતિમ દિવસ

**વાડી** સહિતના વિસ્તારોમાં સીલિંગની કાર્યવાહી તેજ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

નાણાકીય વર્ષ 2025-26ના અંતિમ દિવસો ગણાઈ રહ્યા છે ત્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન એ વેરા વસૂલાતના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે કમર કસી છે. શહેરના બાકીદારો પાસેથી કરોડો રૂપિયાનો ટેક્સ વસૂલવા માટે તંત્ર હવે પૂરેપૂરા 'એક્શન મોડ'માં જોવા મળી રહ્યું છે. ખાસ કરીને વાડી જેવા જૂના વિસ્તારો, જ્યાં લાંબા સમયથી પ્રોપર્ટી ટેક્સ બાકી છે, ત્યાં કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

નાગરિકોને વેરો ભરવામાં સરળતા રહે અને ખાસ કરીને નોકરીયાત વર્ગ પોતાના વ્યસ્ત શેડ્યૂલમાંથી સમય કાઢી શકે તે હેતુથી કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે માર્ચના અંત સુધી તમામ શનિવાર અને રવિવાર જેવા જાહેર રજાના દિવસોમાં પણ શહેરની તમામ વોર્ડ ઓફિસો વેરો સ્વીકારવા માટે ખુલ્લી રાખવામાં આવશે. આ નિર્ણયથી ટેક્સ કલેક્શનમાં નોંધપાત્ર વધારો થવાની તંત્રને આશા છે.

કોર્પોરેશને બાકીદારો માટે રાહતના સમાચાર આપતા 'વ્યાજ માફી' યોજનાની મુદત 31 માર્ચ સુધી લંબાવી છે. બાકી વેરાના વ્યાજ પર 80% સુધીની માફી. વ્યાજમાં 60% સુધીની મોટી રાહત. તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે આ યોજનાનો લાભ લેવા માટે 31 માર્ચ એ છેલ્લી તારીખ છે. ત્યારબાદ બાકીદારોએ પૂરેપૂરું વ્યાજ ચૂકવવું પડશે.

કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે મિલકતધારકો આ રાહત યોજનાનો લાભ નહીં લે અને વેરો ભરવામાં આળસ કરશે, તેમની સામે એપ્રિલ મહિનાથી કડક પગલાં લેવામાં આવશે. જેમાંઃ મિલકતોને સીલ કરવાની કામગીરી, જંગમ મિલકતોની જપ્તી, પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપવા જેવી કાર્યવાહી થઈ શકે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ નાગરિકોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે, શહેરી વિકાસના કાર્યોમાં સહભાગી બનવા અને કાનૂની ગૂંચવણોથી બચવા માટે સમયસર વેરો ભરી વ્યાજ માફીનો મહત્તમ લાભ લેવો.

### તેલંગાણામાં ૯૦૦ થી વધુ કૂતરાં અને વાંદરોને ઝેર આપી મારી નંખાયા

# યવતેશ્વર ઘાટ પર પશુપ્રેમીઓ દ્વારા મૃત પ્રાણીઓની આત્માની શાંતિ માટે પાઠ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15



વિશ્વના અનેક વિસ્તારોમાં ચાલી રહેલા યુદ્ધોને કારણે ઘણા નિર્દોષ પ્રાણીઓના જીવ ગયા છે. ઉપરાંત તેલંગાણામાં તાજેતરમાં 900 થી વધુ કૂતરાં અને વાંદરોને ઝેર આપી મારી નાખવાની દુઃખદ ઘટના તેમજ અનેક સ્થળોએ બેદરકારીના કારણે બેજૂબાન પ્રાણીઓના મૃત્યુ થયાની ઘટનાઓએ પ્રાણીપ્રેમીઓ અને સમાજને વ્યથિત કર્યો છે. ત્યારે, આ નિર્દોષ અને બેજૂબાન પ્રાણીઓની આત્માની શાંતિ માટે શાંતિ પાઠનું આયોજન વિશ્વામિત્રી નદીના કિનારે યવતેશ્વર ઘાટ ખાતે વડોદરાના પશુપ્રેમીઓ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજમાં પ્રાણીઓ પ્રત્યે સંવેદના વધે તે હેતુસર સામાન્ય જનતા માટે નાનું જનજાગૃતિ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાણીઓ પ્રત્યે દયા, સુરક્ષા અને જવાબદારી વિશે માહિતી આપવામાં આવી હતી. સર્વ પ્રાણીપ્રેમીઓ, સામાજિક કાર્યકરો અને નાગરિકો આ કાર્યક્રમમાં ખાસ હાજર રહ્યા હતા. પશુ પ્રેમીઓએ જણાવ્યું હતું કે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ખાસ કરીને શ્વાન માટે જે કેરળમાં શ્વાનોનું તેમજ દુબઈમાં પણ યુદ્ધને લઈ જે શ્વાનોના માલિકો છે, તે પોતાના પાલતુ શ્વાનોને છોડીને જય રહ્યા છે અને જેના કારણે શ્વાનોની યુદ્ધમાં મૃત્યુ થઈ છે. સાથે સાથે સમગ્ર ભારત ભરમાં પણ જેટલા પણ શ્વાન છે, જેની અકાળ મૃત્યુ થયું છે, કોઈપણ રીતે તેવા તમામ મૃતક શ્વાનો માટે આ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કારણકે મનુષ્યને તો અંતિમ સંસ્કાર મળે છે પણ આવા પશુઓને તો ઘણા કિસ્સામાં અગ્નિ સંસ્કાર મળતા નથી. તો આજે અમે જેટલા પણ પશુઓ છે, શ્વાન સહિતના પશુઓને શ્રદ્ધાંજલિ સાથે શાંતિ પાઠ કરવામાં આવ્યા હતા. જેથી આ મૃત પશુઓની આત્માઓને શાંતિ મળે.

# ચાંપડ ગામે ડોર ટુ ડોર ગાડી પલટી ખાતા એક મજૂર લોહીલુહાણ!

**વોર્ડ-12ની** કચરા ગાડી કોર્પોરેશનની હદ વટાવી ચાંપડ કેવી રીતે પોહચી અનેક સવાલો ઉભા થયા



(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ના વોર્ડ નં. 12 ની કચરા ઉપાડવાની ગાડીના ડ્રાઈવરની બેદરકારીને કારણે આજે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ખરાબ ડ્રાઈવિંગના કારણે ગાડી રોડ પર પલટી ખાઈ ગઈ હતી, જેમાં એક સફાઈ મજૂરને ઈજા પહોંચી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. જોકે, આ અકસ્માત બાદ અનેક સવાલો ઉભા થયા છે, કારણ કે આ ગાડી કોર્પોરેશનની હદ બહાર 'ચાંપડ' ગામે પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, વોર્ડ નં. 12 ની કચરાની ગાડી આજે રાબેતા મુજબના રૂટ પર હોવાને બદલે શહેરની હદની બહાર ચાંપડ ગામ તરફ જઈ રહી હતી. ડ્રાઈવર ગાડી અત્યંત બેદરકારીપૂર્વક હંકારી રહ્યો હોવાથી ગાડી પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ગાડી રોડ પર જ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ગાડીમાં સવાર એક મજૂરને શરીરે ઈજાઓ પહોંચી છે. આ અકસ્માતે વહીવટી તંત્રની પોલ ખોલી દીધી છે. વોર્ડ 12 ના રહીશોએ આ બાબતે ઉગ્ર રોષ વ્યક્ત કરતા સવાલ ઉઠાવ્યો છે કે, વડોદરા કોર્પોરેશનના ડિઝલ અને સાધનોનો ઉપયોગ શહેરની સફાઈ માટે કરવાનો હોય છે, તો પછી આ ગાડી કોના આદેશથી VMC ની હદ વટાવીને ચાંપડ ગામ સુધી ગઈ હતી? શહેરમાં અનેક વિસ્તારોમાં કચરો ઉઠાવવાની સમસ્યાઓ છે, ત્યારે સરકારી ગાડીઓનો હદ બહાર ઉપયોગ થવો એ ગંભીર બાબત છે.

# હેરિટેજ આર્કોન મુદ્દે આદેશ દેવકુમારનો પ્રતિસાદ: આક્ષેપોને ગણાવ્યા ખોટા

**સ્કીમના** પ્રમોટરો દ્વારા તેમના વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપો તદ્દન ખોટા

**29.38 કરોડ** રૂપિયા વિવિધ તબક્કે પ્રમોટરોને ચૂકવ્યા હોવાનું જણાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી હેરિટેજ આર્કોન સ્કીમ મામલે ઉઠેલા વિવાદ વચ્ચે આદેશ દેવકુમારે મીડિયા સમક્ષ પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તેમણે જણાવ્યું કે સ્કીમના પ્રમોટરો દ્વારા તેમના વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપો તદ્દન ખોટા, ગેરવ્યાજબી અને પાયાવિહોણા છે.

આદેશ દેવકુમારના જણાવ્યા અનુસાર હેરિટેજ આર્કોન સ્કીમ માટે ભરત ગુપ્તા, રોશન તાલેકર અને રાહુલ શાહ તેમની પાસે આવ્યા હતા અને શરૂઆતમાં 65 કરોડ રૂપિયામાં સ્કીમ આઉટરાઈટ સેલ માટે નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ ભરત ગુપ્તાના હસ્તક્ષેપથી કુલ 80 કરોડ અને તેમાં 8 કરોડ પ્રોફિટ સાથે નવી ડીલ નક્કી થઈ હતી.

તેમણે દાવો કર્યો કે સ્કીમ લોન્ચિંગ, મેન્ટેનન્સ સહિત વિવિધ ખર્ચ માટે તેમણે અંદાજે 6.38 કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. ઉપરાંત 37 મકાન વેચાણથી પ્રાપ્ત થયેલા પૈકી કુલ 29.38 કરોડ રૂપિયા વિવિધ તબક્કે પ્રમોટરોને ચૂકવ્યા હોવાનું જણાવ્યું.

દેવકુમારના જણાવ્યા મુજબ કેટલાક મકાનોના પૈસા લેવાયા હોવા છતાં વર્ષોથી બાનાખત આપવામાં આવ્યા નથી. 12 માર્ચે તેમની ઓફિસમાં તોડફોડ અને સીસીટીવી તોડવાના બનાવ અંગે પોલીસમાં ફરિયાદ પણ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું છે. તેમણે સ્કીમના દસ્તાવેજો અને રેરા સંબંધિત મુદ્દાઓની ઊંડાણપૂર્વક તપાસ થાય તો વધુ ચોંકાવનારા ખુલાસા થઈ શકે તેવી પણ દલીલ કરી છે.

# શબ્દોના તોરણ બંધાયા, વડોદરામાં કવિ મિલન સંસ્થા દ્વારા 'આતશ' સ્મૃતિ કાવ્ય ગોષ્ઠિ યોજાઈ

**કારેલીબાગના** દીપિકા ગાર્ડનમાં 22 જેટલા કવિઓએ કાવ્યધારા વહાવી, સ્વ. લલિતભાઈ રાણાને ભાવાંજલિ અર્પાઈ




(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાના આંગણે ગત રોજ સાહિત્યનો રસાસ્વાદ પીરસાયો હતો. કવિ મિલન સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. લલિત રાણા 'આતશ ભારતીય'ની 8મી પુણ્યતિથિ નિમિત્તે કારેલીબાગ સ્થિત દીપિકા ગાર્ડનમાં એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વસંતની ગુલાબી સવારે પ્રમુખ પ્રકાશભાઈ શેઠના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં શહેરના નામાંકિત કવિઓએ પોતાની કલમની ધાર બતાવી હતી. કાર્યક્રમની ગરિમાપૂર્ણ શરૂઆતમાં કવિ રવિન્દ્ર કઢેના અવસાન પર શોક વ્યક્ત કરી, આદ્યસ્થાપક લલિતભાઈને યાદ કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. પ્રમુખ પ્રકાશભાઈએ લલિતભાઈ સાથે વિતાવેલી સાહિત્યિક ક્ષણોને વાગોળતા વાતાવરણ ભાવુક બની ગયું હતું. સંમેલનમાં 22 જેટલા કવિઓએ પોતાની મૌલિક રચનાઓથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

પ્રકાશ આર. શેઠ 'જ્યોતિ' :- "વસંત નો વરઘોડો આવ્યો, તો આંબે મહેકાવ્યો મૉર."

રાજુ નાગર 'સલિલ': "બોલતો જો થાય પથ્થર ટાકવા તૈયાર છું, થાય હાજર તો જ ઈશ્વર માનવા તૈયાર છું."

વિનોદ પરમાર 'સુમન': "નવા રસ્તાઓ હવે શોધવા પડશે, પુરાણા બંધનો પણ તોડવા પડશે."

રાજેશ પારેખ: "કત્લ જો મારી થશે, તો નામ તારું આવશે; રક્ત પણ લઈમાં વહે તો નામ તારું આવશે."

માધુરી ગોપુજકર: "હે દ્રૌપદી તું છે હજી પ્રજ્વલિત, સંસારમાં તું છે પૂજિત."

આ બેઠકમાં માત્ર પ્રકૃતિ જ નહીં, પરંતુ સામાજિક વિષયો, નારી શક્તિ, પિતાનો પ્રેમ અને માનવીય સંવેદનાઓ પર પણ કવિઓએ પ્રહાર કર્યા હતા. શિરીષ શાહ, કિરણ પંચાલ 'આકાશ', ભાવના ઠાકર, શીલા પાંડે, પ્રજ્ઞા પરમાર, વિભાવરી લેલે, ગણેશ શર્મા, મીનાક્ષી ત્રિવેદી 'મૌની' અને સુભાષ પંચોલી 'અક્ષર' જેવા સર્જકોએ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તુતિ કરી હતી.

### દાતાઓના સહયોગથી દિવ્યાંગોના ચહેરા પર સ્મિત રેલાયું

# માનવતાનો દીવો પ્રગટાવતું 'નિઃસહાય બ્લાઈન્ડ ટ્રસ્ટ', 400થી વધુ દિવ્યાંગોને કીટ વિતરણ

**માંજલપુર** સ્થિત માનવ ધર્મ આશ્રમ ખાતે અનોખો સેવાકીય પ્રકલ્પ



(પ્રતિનિધિ) વડોદરા. તા. 15

શહેરમાં સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરતો એક પ્રેરણાદાયી કાર્યક્રમ માંજલપુર સ્થિત માનવ ધર્મ આશ્રમ ખાતે સંપન્ન થયો હતો. 'નિઃસહાય બ્લાઈન્ડ ટ્રસ્ટ' દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 400થી વધુ અંધ અને દિવ્યાંગ ભાઈ-બહેનોને જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય પાછળ એક સંવેદનશીલ ઉદ્દેશ્ય જોડાયેલો હતો. ભાવેશભાઈ અમીને પોતાના પિતાના જન્મદિવસની પરંપરાગત રીતે ઉજવણી કરવાને બદલે, સમાજના વંચિત અને દિવ્યાંગ વર્ગની સેવા કરીને આ દિવસને યાદગાર બનાવ્યો હતો. દાતાઓના ઉદાર સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં તમામ દિવ્યાંગોને ચા-ખાંડ સહિતની જીવનજરૂરી સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. કીટ વિતરણ બાદ તમામ ઉપસ્થિતોએ સમૂહમાં ભાવપૂર્વક ભોજન ગ્રહણ કર્યું હતું. ટ્રસ્ટના અગ્રણી જયેશભાઈ પટેલે આ પ્રસંગે ટ્રસ્ટની ભાવિ યોજનાઓ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, "અમારો મુખ્ય ધ્યેય છે કે કોઈ પણ દિવ્યાંગ વ્યક્તિ સરકારી યોજનાઓ અને લાભોથી વંચિત ન રહે. તેમની સમસ્યાઓને સરકાર સુધી પહોંચાડવા માટે અમારું ટ્રસ્ટ એક મજબૂત સેતુ તરીકે કામ કરશે." આ કાર્યક્રમે સાબિત કર્યું છે કે જો સમાજ અને દાતાઓ સાથે મળે, તો દિવ્યાંગોના જીવનમાં પ્રકાશ લાવી શકાય છે. ટ્રસ્ટના આ કાર્યને નગરજનોએ બિરદાવ્યું હતું.